## માન. વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું પ્રવચન

## ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધીકરણ) વિધેયક : ૨૦૨૩

માનનીય અધ્યક્ષશ્રી,

ગુજરાત વિધાનસભાના માન. ધારાસભ્યશ્રી અમિતભાઈ શાહ દ્વારા ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધીકરણ) વિધેયક:૨૦૨૩ રજુ કરવામાં આવ્યુ છે.

ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુધ્ધીકરણ) વિધેયક :૨૦૨૩ એ નદીઓના પાણી પ્રદૂષણ અટકાવવા માટેનું વિધેયક છે. આ વિધેયક નદીઓના પાણીમાં રસાયણો તેમજ સુક્ષ્મ જીવાણુઓથી થતુ પ્રદૂષણ અટકાવવા માટે છે. આવા પાણી પ્રદૂષણનું નિયમન કરવા માટે માન. ધારાસભ્યશ્રી દ્વારા આ વિધેયક રજુ કરવામાં આવ્યુ છે. સદીઓથી આપણે નદીઓને માતા તરીકે પુજતા આવ્યા છીએ અને આપણી તમામ સંસ્કુતિઓનો વિકાસ નદીઓના કાંઠે થયો છે. ત્યારે આપણી માતા સમાન નદીઓના પ્રદૂષણ માટે માન. ધારાસભ્યશ્રીએ વ્યક્ત કરેલ ચિંતા અને તેને અટકાવવા માટે સુચવેલ ઉપાયો પ્રસંશનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી,

મારે જણાવવું છે કે ભારત સરકાર દ્વારા પાણી પ્રદૂષણ અટકાવવા,નિયંત્રણ કરવા માટે તેમજ પાણીની ગુણવતા જાળવવા અને સુધારવા માટે પાણી (પ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ)કાયદો લાગુ પાડવામાં આવ્યો છે. આ કાયદાની અમલવારી માટે ગુજરાત રાજ્યમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સ્થાપના કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ નોંધનીય છે કે,

- પાણી પ્રદૂષણ નિયંત્રણનો કાયદો ગુજરાત અને દેશમાં અમલીકરણ હેઠળ છે. આ કાયદા હેઠળ કોઈપણ પ્રકારનું ઘરગથ્થું ગંદુપાણી અથવા ઔદ્યોગીક ગંદાપાણી કે જે જાહેર આરોગ્ય માટે નુકશાનકારક હોય તેવા ગંદાપાણીને અને ગંદાપાણી કે જે ઘરગથ્થું, વાણીજ્યિક, ઔદ્યોગીક, ખેતીવાડી અથવા કોઈપણ પ્રકારના ઉપયોગ માટે ખતરારૂપ હોય તો તેનો પ્રદૂષણની વ્યાખ્યામાં સમાવેશ કરેલ છે. આ કાયદામાં સુએજ એફ્લ્યુઅન્ટ (ઘરગથ્થું વપરાશ)ના ગંદાપાણીનો પણ સમાવેશ થાય છે. આ કાયદા અનુસાર સ્ટ્રીમની વ્યાખ્યામાં નદીઓ, ઈનલેન્ડ વોટર, સબટેરેઈન વોટર વિગેરેનો સમાવેશ થાય છે.

એ ઉપરાંત માનનીય અધ્યક્ષશ્રી,

- નદીઓના શુધ્ધિકરણ અને નવીનિકરણ માટે રાજ્ય સરકાર દ્વારા એક્શન પ્લાન બનાવવામાં આવેલ છે. જેમાં ઘરગથ્થુ અને ઔદ્યોગિક ગંદાપાણીથી થતા નદીઓના પ્રદુષણને રોકવા માટેના પગલા સુચિત કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીના જળશકિત મંત્રાલય દ્વારા સેન્ટ્રલ મોનીટરીંગ કમીટી – સી.એમ.સી. મારફતે નિયમિત રુપે એક્શન પ્લાનની પ્રગતિની સમીક્ષા કરવામાં આવે છે.
- ઘન કચરા અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટેના કાર્યોની સમીક્ષા રાજ્ય કક્ષાએ સમયાંતરે કરવામાં આવે છે. રાજ્ય સરકારશ્રીએ ઘન કચરા અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે રુ. ૨,૧૦૦ કરોડ રીંગ-ફેન્સ કરેલ છે એટલે કે અલગથી રાખેલ છે.
- ઘરગથ્થુ ગંદાપાણીને સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP)દ્વારા શુધ્ધીકરણ કર્યા બાદ પુન:વપરાશમાં લેવા માટે રાજ્ય સરકાર દ્વારા ટ્રીટેડ વોટર રીયુઝની પોલીસી બનાવવામાં આવેલ છે જે મુજબ હાલમાં સુરત, અમદાવાદ, વડોદરા, ગાંધીનગર, ભાવનગર, ગાંધીધામ, અંજાર ગામોમાં આશરે ૮૫૬ એમ.એલ.ડી જેટલુ ટ્રીટેડ પાણી પુન: વપરાશમાં લેવામાં આવી રહેલ છે. તેમજ અંદાજે

૭૯૦ એમ.એલ.ડી. જેટલુ ટ્રીટેડ પાણી પુન:વપરાશમાં લેવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ બાબતની વિગતો જોઈએ તો,

- સુરત ખાતે ૩૧૯ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણીસિંચાઈ, બાગકામ તથા ઔદ્યોગિક વપરાશ વગેરે માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.
- સુરત મ્યુનિશિપલ કોર્પોરેશન દ્વારા હાલમાં સુએજને ટ્રીટ કરીને કાપડના ઉદ્યોગોને આપવામાં આવે છે. તે મોડેલની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવામાં આવી છે.
- અમદાવાદ ખાતે ૩૯૬ એમ.એલ.ડી.ટ્રીટેડ પાણી સિંચાઈ, બાગકામ, ઉદ્યોગોતથા સંયુક્ત શુધ્ધિકરણ પ્લાન્ટ વગેરે માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.
- વડોદરા ખાતે ૬૩ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણી ઉદ્યોગો માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.
- ગાંધીનગર ખાતે ૧૦ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણી સચિવાલયના બગિચાઓ અને અન્ય ઉદ્યાનો માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.

- ભાવનગર ખાતે ૪૫ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણી જી.એસ.ઈ.સી.એલ.ના પાવર પ્લાન્ટ માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.
- ગાંધીધામ-અંજાર ખાતે ૨૩ એમ.એલ.ડી. ટ્રીટેડ પાણી વેલસ્પન ઉદ્યોગ માટે પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે.

આ પ્રમાણે આશરે ૮૫૬ એમ.એલ.ડી જેટલુ ટ્રીટેડ પાણી પુન:વપરાશમાં લેવામાં આવી રહેલ છે. તેમજ અંદાજે ૭૯૦ એમ.એલ.ડી. જેટલુ ટ્રીટેડ પાણી પુન:વપરાશમાં લેવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે,

- તાજેતરમાં માનનીય મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઉચ્ચ કક્ષાની બેઠક મળેલ જેમાં અમદાવાદની ટેક્ષટાઈલ તથા અન્ય ઉદ્યોગ દ્વારા પણ આ બાબતે કામગીરી થાય તે માટે જરૂરી દિશા નિર્દેશ આપવામાં આવેલ છે. આને પરિણામે, ઉદ્યોગ દ્વારા ભૂગર્ભ જળનો વપરાશ પણ ઘટશે તથા સાબરમતી નદીમાં નિકાલ થતા સુએજના જથ્થા માં ઘટાડો થશે.
- પાણીના પ્રદૂષણ બાબતેના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવી શકાય તે હેતુથી જેતપુર વિસ્તારમાં "ડીપ સી ડીસ્ચાર્જ પાઈપલાઈન પ્રોજેક્ટ"ની કાર્યવાહી ગુજરાત વોટર ઈંફ્રાસ્ટ્રકચર લીમીટેડ દ્વારા કરવામાં આવી રહેલ છે. પાઈપલાઈનની અંદાજિત લંબાઈ:- ૧૧૭.૯૫ કીલોમીટર (ઓનશોર:-

૧૧૪.૬૩ કીલોમીટર અને ઑફ્શોર:- ૩.૩૨ કીલોમીટર), વહન ક્ષમતા:- ૮૦ એમ.એલ.ડી, પ્રોજેક્ટ ખર્ચ:- અંદાજીત રૂ.૬૭૫ કરોડ છે. હાલની સ્થિતિ મુજબ ઓનશોર અને ઓફ્શોર સર્વેનું કાર્ય પૂર્ણ થયેલ છે અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોન માટેની પરવાનગી મેળવવા માટેની કાર્યવાહી પ્રગતિમાં છે.

- આમ, પાઈપલાઈન સ્થાપિત થયાબાદ જેતપુર વિસ્તારના એકમોનું તેઓના સંલગ્ન સામુહિક શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી (સીઈટીપી) શુધ્ધ કરેલ ગંદુપાણી પાઈપલાઈન દ્વારા ઉંડા દરિયામાં દુર નાખવામાં આવશે. જેથી, જેતપુર વિસ્તાર માં આવેલ ભાદર અને ઉંબેણ નદીના પ્રદુષણના પ્રશ્નોનુ કાયમી નિરાકરણ આવશે.
- જેતપુરના સીઈટીપી પ્લાન્ટની ક્ષમતામાં વધારો અને ગુણવતામાં સુધારો કરવા માટે સીઈટીપી દ્વારા કોમન કોસ્ટિક રીકવરી પ્લાન્ટ  સ્થાપિત કરવામાં આવેલ છેઆને પરિણામે ઉદ્યોગને ઉત્પાદનમાં જરૂરી તેવો કોસ્ટીક પાછો મળશે અને પ્રદૂષણના ઘટકમાં ઘટાડો થશે આમ બેવડો ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી,   હું જણાવવા માંગું છું કે ...

- બોર્ડ દ્વારા કોઇ પણ ઔદ્યોગિક એકમોને ઔદ્યોગિક ગંદાપાણીને નદીમાં નિકાલની પરવાનગી આપવામાં આવેલ નથી.

- પાણી (પ્રદૂષણ નિયંત્રણ અને નિવારણ) અધિનિયમ હેઠળ વિસ્તૃત રીતે બધા જ પ્રકારના પાણી પ્રદૂષણ નિયંત્રણ કરવા માટેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવેલ છે જેમા ગંદાપાણીને નદીમાં નિકાલ કરતા અટકાવવા માટેનું પ્રાવધાન તેમજ વિવિધ પ્રવૃતિઓના પરિણામે ઉદ્‌ભવતા ગંદાપાણીને જરૂરી ધારાધોરણ મુજબ શુધ્ધીકરણ કર્યા બાદ નિકાલ કરવા માટેનું પ્રાવધાન પણ છે.
- પાણી અધિનિયમ હેઠળ કોઈપણ ઘરગથ્થું ગંદાપાણીના શુધ્ધીકરણ પ્લાન્ટ તેમજ ઉદ્યોગની સ્થાપના અને ઉત્પાદન ચાલુ કરતા પહેલા બોર્ડની પુર્વ મંજુરી લેવાની તેમજ જરૂરી ધારાધોરણનું પાલન કરવા માટે પર્યાવરણીય નિયમનની વ્યવસ્થા કરવાનું ફરજીયાત છે.
- ભારત સરકાર દ્વારા ઔદ્યોગીક તેમજ ઘરગથ્થુ ગંદાપાણીના છેવટના નિકાલના સ્થળને ધ્યાને લઈ, ગંદાપાણીના શુધ્ધીકરણ માટેના ધારાધોરણ પ્રસિધ્ધ કરાયેલ છે. આ ધારાધોરણનો સમાવેશ બોર્ડ દ્વારા એકમોને અપાતી મંજુરીમાં કરાયેલ છે. જેનું પાલન પ્રદૂષીત પાણીના નિકાલ કરતા એકમો માટે ફરજીયાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ બાબત નોંધનીય છે કે,

- રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ હાલમાં રાજ્યમાંથી આશરે ૪૪૧૪ એમ.એલ.ડી. જેટલું ઘરગથ્થુ ગંદુપાણી ઉદ્‌ભવે છે.

હાલમાં રાજ્યમાં કુલ ૫૪૫૦.૨૩ એમ.એલ.ડી. ઘરગથ્થુ ગંદાપાણીને શુધ્ધિકરણ કરવાની ક્ષમતા ધરાવતા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ઉપલબ્ધ છે.

- સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટની ઉપલબ્ધ ક્ષમતા વધારવાની અથવા નવા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવાની વિગતો જોઈએ તો રાજ્યમાં વસ્તી વધારાને ધ્યાને રાખીને વર્ષ ૨૦૨૪ સુધીમાં મહાનગરોમાં અને નગરપાલિકાઓમાં કુલ ૭૬૬.૫૬ એમ.એલ.ડી. ઘરગથ્થુ ગંદાપાણીને શુધ્ધિકરણ કરવાની ક્ષમતા વધારવાનુ આયોજન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી પ્રતિબધ્ધતા વિશે વાત કરું તો ગર્વની બાબત છે કે,

- ડીસેમ્બર- ૨૦૨૪ સુધીમાં ગુજરાત રાજ્ય ઘરગથ્થુ ગંદાપાણીના શુધ્ધીકરણમાં શુન્ય (૦) ટ્રીટમેન્ટ ગેપ ધરાવતુ રાજ્ય બનશે એટલે કે રાજ્યમાં ઉદભવતા તમામ ઘરગથ્થુ ગંદાપાણીનો શુધ્ધિકરણ બાદ નિકાલ થશે તે પ્રકારે આયોજન કરેલ છે જેના ભાગરુપે રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ દ્વારા વિવિધ યોજના દ્વારા કુલ ૯.૮૮ લાખ અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ કનેક્શન આપવાની યોજના પ્રગતિ હેઠળ છે, જેમાં જનભાગીદારી યોજના હેઠળ રુ.૭,૦૦૦ પ્રતિ કનેક્શનનુ પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. આ ઉપરાંત વિવિધ અન્ય યોજનાઓ હેઠળ રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ વિભાગ

દ્વારા વધુ ૬૦ હજાર અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ કનેક્શનના જોડાણો આપવાની યોજના કરેલ છે.

- ઔદ્યોગિક એકમો દ્વારા નિકાલ કરવામાં આવતા ઔદ્યોગિક ગંદાપાણીમાં ધારાધોરણના પાલન માટે જરૂરી શુધ્ધીકરણ પ્લાન્ટ બનાવવાનું ફરજીયાત છે. ઘરગથ્થુ ગંદાપાણીના શુધ્ધીકરણ માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું ફરજીયાત છે, આ ધારાધોરણનો ભંગ કરતા એકમો માટે પાણી પ્રદૂષણ નિયંત્રણ ધારાની કલમ ૩૩ એ હેઠળ એકમને બંધ કરવા સુધીના પગલા તેમજ આ કાયદાના ભંગ કરી પ્રદૂષણ કરતાં એકમો પાસેથી પર્યાવરણને થયેલ નુકશાનનુ વળતર તેમજ આવા એકમો સામે નામદાર કોર્ટમાં ફરીયાદ કરવાની પણ જોગવાઇ કરવામાં આવેલી છે અને તે મુજબ આ કાયદાનો ભંગ કરવા બદલ ઓછામાં ઓછી દોઢ વર્ષની અને વધુમાં વધુ ૬ વર્ષ સુધીની કેદની સજા અને દંડ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. જો કોઇ વ્યક્તિ પાણી અધિનિયમની કલમ ૨૪ અથવા ૨૫ અથવા ૨૬ હેઠળના ગુના માટે કોર્ટ દ્વારા દોષી ઠરાવવામાં આવ્યો હોય અને ફરીથી એ જ ગુના માટે દોષી ઠરે તો કલમ-૪૫ની જોગવાઇ મુજબ પછીના બીજા પ્રત્યેક ગુનાઓમાં દોષી ગણાય તથા ઓછામાં ઓછી ૨ વર્ષ અને વધુમાં વધુ ૭ વર્ષ સુધીની જેલની સજા અને દંડની જોગવાઇ છે.
- પાણી પ્રદૂષણ નિયંત્રણ અધિનિયમ હેઠળ બોર્ડના અધિકારીઓને સત્તાસોપણી મુજબ ગંદાપાણીના નમુનાઓ લેવા, તેનું પૃથ્થકરણ કરવું, વિવિધ એકમોની

મંજુરી આપવી તેમજ કસુરવાર એકમો સામે પગલા લેવા સુધીની સત્તા આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

- ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પર્યાવરણીય કાયદાના ભંગ બદલ પાણી અધિનિયમની કલમ ૩૩(અ)હેઠળ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કુલ ૫૦૩૨ નોટીસ ઓફ ડાયરેક્શન અને ૩૦૪૬ બંધ કરવાના આદેશ અપાયેલ છે તેમજ પાણી અધિનિયમ હેઠળ અત્યાર સુધીમાં કુલ ૨૪૫૨ કોર્ટ કેસ દાખલ કરાયેલ છે.
- હાલની સ્થિતિએ રાજ્યમાં ઔદ્યોગીક ગંદાપાણીના શુધ્ધીકરણ માટે ૪૧ સામુહિક ગંદાપાણીના શુધ્ધીકરણ પ્લાન્ટ કાર્યરત છે.

પાણી અધિનિયમના અમલીકરણ માટે રાજ્ય સરકારને નિયમો બનાવવાની પણ સત્તા આપવામાં આવેલ છે. આમ પાણી (પ્રદૂષણ નિવારણ અનેનિયંત્રણ) અધિનિયમ હેઠળ માન. ધારાસભ્યશ્રી દ્વારા રજુ કરવામાં આવેલ વિધેયકમાં સંપુર્ણ બાબતો  જેવી કે કારાખાનામાંથી પ્રક્રિયા વગરનો કચરો નદીમાં ફેકી જળ સંપતી પ્રદૂષિત કરતી બાબત, પર્યાવરણલક્ષી નિરંતર વિકાસને સુનિશ્ચિત કરવાના હેતુ સાથે નદીઓના સંરક્ષણ માટેની આવશ્યક પ્રવૃતિ, ગટરનું ગંદુપાણી ઔદ્યોગીક ગંદાપાણીનો નિકાલ જાહેર જનતાના આરોગ્યને હાનીકારક હોય, પંચાયત

નગરપાલીકા અથવા કોર્પોરેશન સત્તા મંડળો દ્વારા ઘરગથ્થુ ગંદાપાણીના શુધ્ધીકરણ માટેના પગલા, પ્રદૂષણને લગતા કોઇ પણ ગુના માટેની કડક સજા વગેરે બાબતો અને તેનાથી પણ વિશેષ બાબતો આવરી લેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

સદર બાબતે ભારત સરકાર દ્વારા લાવવામાં આવેલ કાયદો પાણી પ્રદૂષણની સમસ્યાનું અસરકારક નિયમન કરી શકે તેમ હોઈ તેમજ માન. ધારાસભ્યશ્રી દ્વારા રજુ થયેલ સુચિત વિધેયકના તમામ મુદ્દાઓનો સમાવેશ થતો હોઈ રાજ્ય સ્તરે અલગથી કાયદાની આવશ્યકતા ના હોઈ આ વિધેયકની જરૂરીયાત રહેતી નથી. જેથી માન.સભ્યશ્રીને આ વિધેયક પરત ખેંચવા હું વિનંતી કરૂં છું.